(૫૫)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો. (૨૪)**

૧. ભિક્ખાયરિયાએ **ઉગ્ઘાડ કવાડ ઉગ્ઘાડણાએ સાણા વચ્છા દારા સંઘટ્ટણાએ** મંડી પાહુડિયાએ

૨. અંજલી કટ્ટુ **એવં વયાસી નમોત્થુણં અરિહંતાણં ભગવંતાણં જાવ** સંપત્તાણં

૩. સમણોऽહં **સંજય વિરય પડિહય પચ્ચક્ખાય** પાવકમ્મો

૪. ધમ્મો મંગલં **ચત્તારિ લોગુત્તમા અરિહંતા લોગુત્તમા સિદ્ધા લોગુત્તમા સાહૂ લોગુત્તમા કેવલી પન્નત્તો** ધમ્મો લોગુત્તમો

૫. સાહૂણં આસાયણાએ **સાહૂણીણં આસાયણાએ સાવયાણં આસાયણાએ સાવિયાણં આસાયણાએ દેવાણં આસાયણાએ** દેવીણં

૬. પયહીણં **વિણયહીણં જોગહીણં ઘોસહીણં સુટ્ઠુદિન્નં** દુટ્ઠુ પડિચ્છિયં

૭. અભગ્ગો **અવિરાહિઓ હુજ્જ મે કાઉસ્સગ્ગો જાવ** અરિહંતાણં

૮. ચાઉક્કાલં **સજ્ઝાયસ્સ અકરણયાએ ઉભઓકાલં ભંડોવગરણસ્સ** અપ્પડિલેહણાએ

૯. ઉસ્સુત્તો **ઉમ્મગ્ગો અકપ્પો અકરણિજ્જો દુજ્ઝાઓ** દુવ્વિચિંતિઓ

૧૦. **દ્વેષ કલહ અભ્યાખ્યાન પૈશુન્ય પર પરિવાદ** રઈ–અરઈ

૧૧. અણત્થા દંડે **પન્નત્તે તં જહા અવજ્ઝાણાચરિયં પમાયાચરિયં** હિંસપ્પયાણં

૧૨. પરિયટ્ટણાએ **આઉટ્ટણ પસારણાએ છપ્પઈ સંઘટ્ટણાએ કુઈએ કક્કરાઈએ** છીએ

**(બ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો. (૧૨)**

| | **જવાબ** |
|---|---|
| ૧. અણિચ્છિયવ્વો | **નહિ ઈચ્છવા યોગ્ય** |
| ૨. ખેતવુડ્ઢી | **એક દિશાની મર્યાદા ઘટાડી બીજી દિશાની મર્યાદા વધારી હોય** |
| ૩. મચ્છરિયાએ | **દાન આપી અહંકાર કર્યો હોય** |
| ૪. ચિંતવનાર્થે | **ચિંતન કરવાને માટે** |
| ૫. અભિથુઆ | **સ્તુતિ કરાયેલા** |
| ૬. કિલામો | **બાધા–પીડા થઈ હોય તો** |
| ૭. લક્ખ વાણિજ્જે | **લાખ, રંગ, મીણ આદિનો વેપાર કર્યો હોય** |
| ૮. રહસાભક્ખાણે | **કોઈની છાની વાત ઉઘાડી કરી હોય** |
| ૯. ઠાણાઓઠાણં | **એક સ્થાનેથી બીજે સ્થાને** |
| ૧૦. કંદપ્પે | **વિષય–વિકાર વધે તેવા વચનો બોલવા** |
| ૧૧. જં ખંડિયં | **જે કંઈ ખંડન કર્યું હોય** |
| ૧૨. વિતિગિચ્છા | **ધર્મકરણીના ફળમાં સંદેહ કર્યો હોય** |

**(ક) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો. (૧૨)**

| | **જવાબ** |
|---|---|
| ૧. શ્રાવકના દેશવિરતિ ચારિત્રમાં | **ચરિત્તાચરિત્તે** |
| ૨. પૌષધવ્રતનું વિધિપૂર્વક પાલન કર્યું ન હોય | **પોસહસ્સ સમ્મં અણણુપાલણયા** |
| ૩. સર્વ કાળ સંબંધી | **સવ્વ કાલિયાએ** |
| ૪. રોકડનાણું તથા અનાજની મર્યાદાનું ઉલ્લંઘન કરેલ હોય | **ધન–ધાન પમાણાઈક્કમે** |
| ૫. અરુજ – રોગરહિત | **મરુય** |
| ૬. ત્રસ જીવને લાકડી પ્રમુખના પ્રહાર કર્યા હોય | **વહે** |
| ૭. પ્રકારના | **વિહસ્સ** |

૮. રૂડું જ્ઞાન અવિનીતને દીધું હોય — **સુટ્ઠુદિન્નં**
૯. પ્રદક્ષિણા કરીને — **પયાહીણં**
૧૦. ખોટા તોલા – ખોટા માપ રાખ્યા હોય — **કૂડતોલે–કૂડમાણે**
૧૧. અપરાધ થયો હોય — **વઈક્કમં**
૧૨. પરલોકના સુખની સાંસારિક સુખની ઈચ્છા કરી હોય — **પરલોગા સંસપ્પઓગે**

**(ડ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૭)**

૧. કાળની અપેક્ષાએ પ્રતિક્રમણના પ્રકાર કેટલા? કયા કયા?
**જ . પાંચ. દેવસિય, રાઈય, પક્ખિય, ચઉમ્માસિય, સંવચ્છરિય.**
૨. પ્રતિક્રમણના ત્રીજા પાઠને ઉત્કૃષ્ટ વંદના શા માટે કહે છે?
**જ. આ પાઠથી કરાતી વંદના શબ્દ અને ક્રિયા બંનેથી ચડિયાતી છે.**
૩. તપ કરવાથી શું થાય છે? ચારિત્ર એટલે શું?
**જ. કર્મ બળવાથી આત્મા શુદ્ધ થાય. ચારિત્ર એટલે પાપનો સર્વથા ત્યાગ કરવો.**
૪. મિચ્છામિ દુક્કડં શેનું દેવામાં આવે છે?
**જ. શ્રાવક ધર્મમાં લાગેલા અતિચારોનું.**
૫. અકલ્પનીય અને અકરણીયમાં શું ફરક છે?
**જ. પોતે ધારેલા નિયમની વિરુદ્ધ આચરણ કરવું તે અકલ્પનીય છે અને અયોગ્ય પાપકારી આચરણ કરવું તે અકરણીય છે.**
૬. રાઈય પ્રતિક્રમણ ક્યારે કરાય છે?
**જ. રાત્રિના અંતિમ ભાગમાં સૂર્યોદય પહેલા બે ઘડીની અંદર કરાય છે.**
૭. અણુવ્રત અને મહાવ્રતનું પાલન જીવનમાં કોણ કરે છે?
**જ. અણુવ્રતનું પાલન શ્રાવક અને મહાવ્રતનું પાલન જૈન સાધુ કરે છે.**

**(૨૫)**

**પ્ર.૨ (અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૬)**

૧. જીવના મુખ્ય કેટલા પ્રકાર છે? કયા કયા? છકાયના બોલના માત્ર નામ લખો.
**જ. બે. ત્રસ અને સ્થાવર. ઈંદિસ્થાવર કાય, બંભીસ્થાવર કાય, સપ્પિસ્થાવર કાય, સુમતિસ્થાવર કાય, પયાવચ્ચસ્થાવર કાય, જંગમ કાય.**
૨. તિર્યંચના ભેદ કેટલા? કયા કયા?
**જ. ૪૮. ઍકેન્દ્રિયના ૨૨ + વિકલેન્દ્રિયના ૬ + તિર્યંચ પંચેન્દ્રિયના ૨૦ = ૪૮ ભેદ થાય.**
૩. પૃથ્વીકાયની દયા કેવી રીતે પાળશું?
**જ. ૧) રસ્તામાં ખોદકામ થયું હોય તો ખોદેલી માટી પર ચાલવું નહિ. ૨) રમત રમવા કે ઝાડ–પાન વાવવા જમીન ખોદવી નહિ. ૩) ભોજનમાં ઉપરથી કાચું મીઠું લેવું નહિ.**
૪. કંદમૂળમાં કેટલા જીવ ભગવંતે કહ્યા છે? કંદમૂળ ખાવાથી કેટલું પાપ લાગે છે?
**જ. અનંતા. જિંદગી સુધી કોઈ વ્યક્તિ લીલા શાકભાજી ખાય અને પાપ લાગે તેના કરતા એક વખત એક કંદમૂળ નો ટુકડો ખાય તેનું પાપ વધી જાય છે.**
૫. શાશ્વત સુખનું સ્થાન કયું છે? ત્યાં કોણ બિરાજે છે? તે કેવા છે?
**જ. મોક્ષ. અનંતા સિદ્ધ ભગવાન. તેમને કર્મ હોતા નથી, તે આત્માનું શુદ્ધ સ્વરૂપ છે.**
૬. વર્ષમાં ચોમાસી પાખી કેટલીવાર આવે? ક્યારે ક્યારે?
**જ. ત્રણ વાર. અષાઢ સુદ પૂનમ, કારતક સુદ પૂનમ, ફાગણ સુદ પૂનમ.**
૭. મારું જીવન લક્ષ્ય શું છે?
**જ. જન્મ – મરણના દુઃખોમાંથી છૂટવા હું પણ મોક્ષમાર્ગની આરાધના કરીને મોક્ષ પ્રાપ્ત કરીશ એ મારા**

**જીવનનું લક્ષ્ય છે.**

૮. એકવાર ઉઘાડે મોઢે બોલવાથી કયા જીવો હણાય છે? ચૌરેન્દ્રિયના કુળ કેટલા છે? સાધારણ વનસ્પતિના નામ લખો.

**જ. વાયરાના અસંખ્યાતા જીવ. ૯ લાખ કુળ ક્રોડ. ડુંગળી, લસણ, બટેટા, આદુ, લીલી હળદર, ગાજર, મૂળા, શક્કરિયા, સૂરણ, બીટ, ગરમર.**

**(બ) જોડકા જોડો.** **(૩)**

| (અ) | (બ) | જવાબ |
|---|---|---|
| ૧. અપ્કાય | ૧. સંમૂર્ચ્છિમ | **૩. ઝાકળ** |
| ૨. તેઈન્દ્રિય | ૨. શાખા | **૪. ધનેડા** |
| ૩. મનુષ્ય | ૩. ઝાકળ | **૧. સંમૂર્ચ્છિમ** |
| ૪. ભૂજપરિસર્પ | ૪. ધનેડા | **૫. ગરોળી** |
| ૫. વાઉકાય | ૫. ગરોળી | **૬. વંટોળિયો** |
| ૬. પ્રત્યેક વનસ્પતિકાય | ૬. વંટોળિયો | **૨. શાખા** |

**(ક) ખાલી જગ્યા પૂરો.** **(૬)**

| | જવાબ |
|---|---|
| ૧. લાલચ ન થાય તે માટે હું ...... રાખીને ...... નો નાશ કરીશ. | **સંતોષ, લોભ** |
| ૨. ....... ને ધર્મની ભાષામાં માયા પણ કહે છે. | **છેતરપિંડી** |
| ૩. જૈનધર્મ એ ....... ધર્મ છે. આ ધર્મના તહેવારો ....... કહેવાય છે. | **લોકોત્તર, પર્વ** |
| ૪. અખા ત્રીજ ....... ના દિવસે આવે છે. | **વૈશાખ સુદ ત્રીજ** |

(૧૦)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**(ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. નેમકુમારે પશુ–પક્ષીને મુક્ત કર્યા પછી શું કર્યું?

**જ. મારી શક્તિનો ઉપયોગ આત્મકલ્યાણ માટે કરવો જોઈએ. સંસારના કામો માટે મારી શક્તિ વાપરવા કરતા દીક્ષા લઈને સાધના કરું એ જ પરમ હિતકારી છે. આ રીતે ચિંતન કરી તેમણે સારથિને રથ પોતાના નગર તરફ પાછો વાળવા કહ્યું.**

૨. ગજસુકુમાર મુનિને કાઉસગ્ગમાં જોઈને સોમિલે શું વિચાર્યું?

**જ. અરે ! આ તો પેલો નિર્લજ્જ, મૃત્યુને ઈચ્છાવાળો ગજસુકુમાર છે, તે પુણ્યહીન અને દુર્લક્ષણ યુક્ત છે. મારી નિર્દોષ દીકરી સોમા જે યુવાન છે, તેને વિના કારણે જ છોડીને આ સાધુ બની ગયો છે. આથી સોમિલે વિચાર્યું કે મારા વેરનો બદલો લઉં.**

૩. આનંદ શ્રાવકની ઋદ્ધિનું વર્ણન કરો.

**જ. ચાર કરોડ સુવર્ણમુદ્રાનો ભંડાર હતો, ચાર કરોડ સુવર્ણમુદ્રા વેપારમાં લગાડેલી હતી, ચાર કરોડ સુવર્ણમુદ્રા ધન તથા ઘરની વસ્તુઓમાં વાપરેલી હતી. તેની પાસે ૪૦૦૦૦ ગાયોના ચાર ગોકુળ હતા. ૫૦૦ ગાડીઓ વેપારની વસ્તુઓ લાવવામાં તથા ૫૦૦ ગાડીઓ ગોકુળનું ઘાસ તથા અન્ય સામાન ફેરવવામાં વપરાતી હતી. ચાર જહાજ વિદેશોમાં વેપારના કામમાં આવતા હતા.**

**(ખ) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૪)**

| | જવાબ |
|---|---|
| ૧. તમે મને સાચા માર્ગે લાવીને ઉગારી લીધો. | **રહનેમિ રાજેમતીને કહે છે** |
| ૨. હું એક રાત્રિની ભિક્ષુ પ્રતિમાનો સ્વીકાર કરું. | **ગજસુકુમાર મુનિ નેમિનાથ ભગવાનને કહે છે** |
| ૩. આજનો દિવસ આપણા માટે પરમ કલ્યાણકારી છે. | **આનંદ શ્રાવક પોતાની પત્નીને કહે છે** |

૪. શ્રાવકને આટલું વિશાળ અવધિજ્ઞાન થાય નહિ. **ગૌતમ સ્વામી આનંદ શ્રાવકને કહે છે**

**(૧૦)**

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

| | **જવાબ** |
|---|---|
| ૧. મેં પરભવે ........ હારી ગયા. | **પાના નં. ૮૮ કડી ૬** |
| ૨. કરે કાળજાને ......... મારા વાંકને. | **પાના નં. ૮૯ કડી ૧૧** |
| ૩. મંદિર છો ......... કળા તણા. | **પાના નં. ૮૮ કડી ૧** |
| ૪. દીન ......... ચિત્ત ધરું. | **પાના નં. ૯૦ કડી ૩/૪** |
| ૫. દાન, શીયળ ......... તીર્થંકર ગોત્ર. | **પાના નં. ૯૦ કડી ૬/૭** |

**જય – જિનેન્દ્ર**